# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 23-02-2026 Day: Monday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## P.M-મન કી બાત :

આકાશવાણી પરથી મન કી બાત કાર્યક્રમમાં, પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે વર્તમાન T20 ક્રિકેટ વર્લ્ડ કપમાં, કેનેડા, અમેરિકા, ઓમાન, ન્યુઝીલેન્ડ, સંયુક્ત આરબ અમીરાત અને ઇટાલીની ટીમોમાં ભારતીય મૂળના ઘણા ખેલાડીઓ છે.

શ્રી મોદીએ નોંધ્યું કે દેશમાં અંગદાન અંગે જાગૃતિ સતત વધી રહી છે. તેમણે કહ્યું કે એક ઉમદા કાર્ય અસંખ્ય લોકોના જીવનને બદલી શકે છે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે 'મન કી બાત'માં ડિજિટલ ધરપકડ અને ડિજિટલ છેતરપિંડી પરના તેમના ભાષણ પછી, સમાજમાં આ દિશામાં ઘણી જાગૃતિ આવી છે.

(બાઇટ - -DIGITAL-AAREST)

---------------------------------------------------------------------------------------------

## રાજ્યમાં એન્ટિવેનમ સર્પદંશની સારવારમાં વધુ અસરકારક નીવડશે :

ગુજરાત રાજ્ય પાસે સર્પદંશથી થતા માનવમૃત્યુને ઘટાડવા સ્થાનિક સાપના ઝેરમાંથી બનાવેલું ઍન્ટિવેનમ ટૂંક સમયમાં ઉપલબ્ધ થશે. રાજ્યમાં જોવા મળતા ઝેરી સાપમાંથી મેળવેલા ઝેરમાંથી ઍન્ટિવેનમ બનાવવાનું કામ હાલ પૂરજોશમાં ચાલી રહ્યું છે.

રાજ્ય સરકાર તે ખરીદશે અને રાજ્યની વિવિધ હૉસ્પિટલને સર્પદંશની સારવાર માટે ઍન્ટિવેનમ પૂરું પાડશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

આ અંગે સર્પ સંશોધન કેન્દ્રના ઉપાધ્યક્ષ ડૉક્ટર ડી. સી. પટેલે કહ્યું, રાજ્યમાંથી પકડેલા સાપના ઝેરમાંથી બનેલા ઍન્ટિવેનમ સર્પદંશની સારવારમાં વધુ અસરકારક નીવડશે.

---------------------------------------------------------------------------------------------------

## રાજ્યના પોલીસ વડાએ સુરક્ષા વ્યવસ્થાનું નીરીક્ષણ:

રાજ્યના પોલીસવડા  કે.એન.એલ. રાવે ગઈકાલે સરહદી કચ્છ જિલ્લાની મુલાકાત લઈને સુરક્ષા વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું. વહેલી સવારે રાજ્યના પોલીસવડા અબડાસા તાલુકાના છેવાડે આવેલા અને વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્ત્વના એવા લુણા ટાપુ પર બોટ મારફતે પહોંચ્યા હતા, જ્યાં તેમણે દેશની અસ્મિતાના પ્રતીક સમાન રાષ્ટ્રધ્વજ લહેરાવીને ધ્વજવંદન કર્યું હતું.

ત્યાર બાદ પોલીસ વડાએ ત્યાં ઉપસ્થિત સુરક્ષા એજન્સીઓના ઉચ્ચ અધિકારીઓ સાથે એક મહત્ત્વની બેઠક યોજી હતી. આ બેઠકમાં ખાસ કરીને દરિયાઈ માર્ગે થતી દેશવિરોધી પ્રવૃત્તિઓ અને ઘૂસણખોરી રોકવા માટે દરિયાઈ સુરક્ષા બાબતે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. પોલીસવડાએ વિવિધ એજન્સીઓ વચ્ચેનાં સંકલન અને સુરક્ષા સજ્જતા અંગે મંથન કર્યું હતું. ટાપુની મુલાકાત પૂર્ણ કર્યા બાદ રાજ્યના પોલીસવડાએ જખૌ બંદર સ્થિત કોસ્ટગાર્ડ મથકની મુલાકાત લીધી હતી અને ત્યારબાદ નલિયા એરફોર્સ સ્ટેશન પહોંચીને સંરક્ષણ પાંખની કામગીરી અને સુરક્ષા સ્થિતિની સમીક્ષા કરી હતી.

---------------------------------------------------------------------------------------------------

## PGVCL –ડિસકનેશન ડ્રાઈવ:

પીજીવીસીએલ ભુજ વર્તુળ કચેરી હેઠળ 68.65 કરોડનું બાકી વીજલેણું વસૂલવા માટે વીજતંત્રે કડક કામગીરી હાથ ધરી છે. બાકી વીજલેણાંધારકોનાં જોડાણ કાપવા માટે ભુજ વર્તુળ કચેરી હેઠળની 20 પેટા વિભાગીય કચેરીમાં મેગા ડિસકનેક્શન ડ્રાઇવનું આગામી બુધવારે  25 ફેબ્રુઆરીનાં આયોજન કરાયું છે. પીજીવીસીએલ દ્વારા  ઉપભોક્તાઓને અપીલ કરાઈ કે, તેઓ બાકી રહેતું વીજલેણું ભરી નાખે અન્યથા આ ઝુંબેશમાં તેમનાં જોડાણ કાપી નાખવામાં  આવશે.

આ મહાઝુંબેશમાં વાણિજ્ય, ઔદ્યોગિક, રહેણાક અને ખેતીવાડી સહિતનાં વીજજોડાણને આવરી લેવામાં આવશે.

---

## ધોરમનાથ દાદા ધીણોધર ખાતે બે દિવસીય મેળો:

નખત્રાણા તાલુકાના સિદ્ધયોગી ધોરમનાથ દાદાની તપોભૂમિ ધીણોધર ડુંગર સ્થાનકે વાર્ષિક મેળા પ્રસંગે બે દિવસિય ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. આ પાટોત્સવ પ્રસંગે પ્રથમ દિવસે રાત્રે તળેટીમાં આરાધી વાણી યોજાઈ હતી, જયારે બીજા દિવસે ધોરમનાથ દાદાના મંદિરે હોમહવન, ધ્વજારોહણ, પૂજન, આરતી સહિતના આયોજનો કરાયા હતા. જેમાં મોટી સંખ્યામાં ભાવિકોએ ભાગ લીધો હતો.

---

## ક્રિકેટ:

ટી-20 વિશ્વ કપની સુપર આઠની ગ્રુપ એની મેચમાં દક્ષિણ આફ્રિકા એ ભારતને 76 રનથી પરાજિત કરેલ છે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પરની મેચમાં દક્ષિણ આફ્રિકાએ પ્રથમ દાવ લઈ સાત વિકેટ ગુમાવી 187 રન કર્યા હતા. વળતા જવાબમાં ભારતીય ટીમ 111 રન કરી શકી હતી. શિવમ દુબેએ સહુ થી વધુ 42 રન કર્યા હતા. ભારતની ટીમના જસપ્રીત બુમરાહ સૌથી વધુ 3 અને અર્શદીપ સિંહે બે વિકેટ ઝડપી હતી.

---

## હવામાન:

જીલ્લામાં અનુભવાતા વિષમ વાતાવરણ વચ્ચે છેલ્લા બે ત્રણ દિવસથી તાપનો પ્રભાવ વધ્યો છે, ત્યારે હવામાન વિભાગે મહત્તમ લઘુત્ત ઉષ્ણતામનમાં બે થી ત્રણ ડિગ્રીનો ઘટો થાય તેવી સંભાવના વ્યક્ત કરી છે. હવમાન નિષ્ણાંતાનો મતે હોળી સુધી હજુ મિશ્ર વાતાવરણ યથાવત રહેશે.

---